# દેવના આત્મિક દાનો વિષે સમજાવો.

પોલ તિમોથી લીડર ટ્રેનીંગ બુકલેટ S6a ‘તમારી મંડળી પાસે આત્મિક દાનો છે’ આ બુકલેટમાં આત્મિક દાનોનો ઉપયોગ કરવા વિષેની પાયાની માર્ગદર્શિકા છે. જો તમે તે અભ્યાસ વાંચ્યો ન હોય તો કૃપા કરી વાંચો.

**૧. આત્મિક દાનો અંગેનું વર્ણન કરતા શાસ્ત્રભાગોનો અભ્યાસ કરો.**



નવા કરારના પત્રો એ શિક્ષણ આપે છે કે દેવ દરેક વિશ્વાસીને એક બીજાની સેવા કરવા માટેની શક્તિ આપે છે. દેવ કેટલાક માણસોને દાન રૂપે મંડળીઓને આપે છે.

**૧ પિતર ૪ :૧૦-૧૧** માં બે પાયાના દાનો દેવ જે દરેક વિશ્વાસીને સામાન્ય રીતે આપે છે તે વિષે છે -

“દરેકને જે કૃપાદાન મળ્યું તે એકબીજાની સેવા કરવામાં દેવની અનેક પ્રકારની કૃપાના સારા કારભારીઓ તરીકે વાપરવું. જો કોઈ બોધ કરે તો દેવના વચન પ્રમાણે તેણે બોધ કરવો. જોકોઈ સેવા કરે તો દેવે આપેલા સામર્થ્ય પ્રમાણે તેણે સેવા કરવી. જેથી સર્વ બાબતમાં ઈસુ ખ્રિસ્ત મારફતે દેવ મહિમાવાન થાય. તેને સદાસર્વકાળ સત્તા તથા મહિમા છે . આમેન.”

*(જવાબ : બે પાયાની પ્રવૃત્તિઓ પીતર અહીં આપણને જણાવે છે તે :)*

*૧. બોલવું (દેવનું સત્ય બીજાને કહેવું)*

*૨. સેવા (દેવનો પ્રેમ બીજાને બતાવવો.)*

**એફેસી ૪ :૧૦-૧૨માં** દેવ મંડળીમાં કેટલાક માણસો આપે છે જે જુદી જુદી સેવા માટે પ્રભુ તરફથી સજ્જ થાય છે. **એફેસી ૪ :૧૨** માં પાંચ પ્રકારના દાનવાળા લોકો આપેલા છે -

‘તેણે કેટલાએક પ્રેરિતો, કેટલોક પ્રબોધકો. કેટલાક સુવાર્તિકો અને કેટલાએક પાળકો તથા ઉપદેશકો આપ્યા ત્યાં સુધી કે આપણે સહુ દેવના દિકરા પરના વિશ્વાસથી તથા તેના જ્ઞાનથી જે ઐક્ય થાય છે તે પ્રાપ્ત કરીએ અને એમ પૌઢ પુરૂષત્વમાં એટલે ખ્રિસ્તની સંપૂર્ણતાની પાયરીએ પહોંચીએ.’

*(જવાબ : એ પાંચ પ્રકારના દાનો આ પ્રમાણે છે.)*

*૧. **પ્રેરિતો** (મંડળી સાથે)*

*૨. **પ્રબોધકો**( દેવનું સત્ય પ્રગટ કરે)*

*૩. **સુવાર્તિકો** (સુવાર્તા પ્રગટ કરે)*

*૪. **પાળકો** ( મંડળીનું પાલન કરે)*

*૫. **ઉપદેશકો** (શિક્ષકો) (દેવની આજ્ઞાઓ પાળવાનું શિક્ષણ આપે)*

રૂમી ૧૨માં શીખવવામાં આવ્યું છે કે વિશ્વાસીઓમાં આત્મિક દાનો હોય છે જે વડે તેમણે સાચી રીતે બીજાઓની સેવા કરવી જોઈએ. **રૂમી ૧૨ :૬-૮** માં કેટલાક વિશ્વાસીઓ પાસે જુદા જુદા સાત પ્રકારના આત્મિક દાનોની વાત છે.

“આપણને જે કૃપાદાન આપવામાં આવ્યું છે તે પ્રમાણે આપણને જુદા જુદા વરદાન મળ્યા છે. તેથી જો પ્રબોધ કરવાનું દાન મળ્યું હોય તો પોતાના વિશ્વાસના પ્રમાણમાં તેણે પ્રબોધ કરવો. અથવા જો સેવાનું તો સેવા કરવામાં તેણે તત્પર રહેવું. વળી જે શિક્ષક હોય તેણે શિક્ષણ આપવામાં મંડ્યા રહેવું. અને જે સુબોધ કરનાર તેણે સુબોધ કરવામાં લાગુ રહેવું. જે દાન કરે છે તેણે ઉદારતાથી કરવું. જે અધિકારી છે તેણે ખંતથી અધિકાર ચલાવવો અને જે દયા રાખે તેણે ઉમંગથી રાખવો.”

*(જવાબ : આ સાત પ્રકારના દાનો નીચે મુજબ છે.)*

૧. **પ્રબોધ** ( એકબીજા આગળ દેવનું સત્ય પ્રગટ કરવું જેમ ૧ કોરી ૧૪:૩,૨૪માં છે)

૨. **સેવા** ( ૧ કોરી ૧૨:૨૮માં તેમને મદદગારો કહ્યાં છે.)

૩. **શિક્ષણ** (વિશ્વાસીઓને એકબીજાની સેવા કરવા તૈયાર કરવા)

૪. **સુબોધ** (ઉત્તેજન આપવું અને ભૂલ સુધારવી)

૫. **ઉદારતાથી આપવું.**

૬. **અધિકાર** (મંડળીમાં જુદી જુદી સેવા બાબતે દેખરેખ રાખવી, શરૂ કરવી વિશ્વાસીઓને એકતામાં રાખવા.)

૭. **દયા.** આ કામો ઉમંગથી કરવા

૧ કોરી. ૧૨ બતાવે છે કે કઈ રીતે સ્વર્ગીય દાનોનો ઉપયોગ એક શરીર તરીકે એકતામાં કરવો. **૧ કોરીંથ ૧૨:૮-૧૦ અને ૨૮**માં બીજા પણ દાનો આપેલા છે જેનો સમાવેશ ઉપરની સૂચિમાં કરેલો નથી.

"કેમકે કોઈને આત્માથી જ્ઞાનની વાત આપવામાં આવેલી છે. કોઈને એ જ આતમાથી વિદ્યાની વાત, કોઈને જે આત્મા વડે વિશ્વાસ, કોઈને એજ આત્મા વડે સાજા કરવાના કૃપા દાન, કોઈને ચમત્કાર કરવાનું દાન, કોઈને પ્રબોધ, કોઈને આત્માઓની પરીક્ષા કરવાનું, કોઈને ભિન્ન ભિન્ન ભાષાઓ અને કોઈને ભાષાતંર કરવાનું દાન આપવામાં આવે છે." ૧ કોરીં. ૧૨:૮-૧૦

હવે ૧૨:૨૮ દેવે મંડળીમાં કેટલાએકને નીમ્યા છે. પ્રથમ પ્રેરિતોને, બીજી પંકિત પ્રબોધકોને, ત્રીજા ઉપદેશકોને, પછી ચમત્કારોને પછી સાજા કરવાના કૃપાદાનોને, મદદગારોને, અધિકારીઓને, (ભિન્ન ભિન્ન ભાષાઓને)

*(જવાબ : ૧ કોરીં ૧૨ માં બીજા આત્મિક પ્રબોધકીય દાનો આ છે -*

**જ્ઞાનથી વાત**(બીજાઓને દેવના સત્યને આધિન થવામાં મદદ કરે)

**વિદ્યાની વાત** ( બીજાઓને દેવના સત્યને સમજાવવામાં મદદ કરે)

**ભાષાઓ** (અન્યભાષામાં પ્રાર્થના, ગીત કે પ્રબોધ કરવો)

**અન્ય ભાષાઓનું ભાષાંતર** (બીજાની અન્ય ભાષાનું ભાષાંતર કરવું)

૧ કોરીંથી ૧૨ પ્રમાણે બીજા સેવાકીયા દાનો આ પ્રમાણે છે.

**વિશ્વાસ** (દેવ તેની પ્રતિજ્ઞા (વચન) પાળશે તેવો મજબૂત વિશ્વાસ)

**સાજાપણું** (માંદાઓ માટે પ્રાર્થના કરવી)

**ચમત્કારો** ( જરૂરિયાત વાળા લોકો માટે પ્રાર્થના કરવી)

**પારખનાર આત્મા** (જૂઠા આત્માઓને ઓળખી કાઢવા અને તેઓની ભરમાવનારી આત્મિક વર્તણૂંકોને શોધી કાઢવી.)

**વહીવટ** (યોજનાઓ તૈયાર કરવી અને સંકલન બાબતો))

કેટલીક વખત બોલવાની અને સેવાના દાનો અસાધારણ હોય છે. તો દેવની શક્તિના પ્રતિક સમાન હોય છે. જે દ્વારા વિશ્વાસીઓ અને લોકોમાં બરોસો બેસે છે. આવા દાનોમાં અન્ય ભાષાઓ ( ૧ કો. ૧૪:૨૨) તેમનું ભાષાંતર, સાજાપણું અને અન્ય ચમત્કારનો સમાવેશ થાય છે.

હવે નવા કરારમાં કેટલાક દાનોને સ્પષ્ટ રીતે આત્મિક દાનો તરીકે ઓળખાવવામાં આવ્યા નથી, છતાં કેટલાંક શિક્ષકો નીચેના દાનોને પણ સ્વર્ગીય દાનો તરીકે ગણે છે.

**અપરિણિત રહેવું** (લગ્નસંબંધથી દૂર રહેવું. માત ૧૯:૧૦)

**લગ્ન** ( ૧ કોરી.૭:૭)

**મહેમાનગતિ**- આગતાસ્વાગતા (રૂમી ૧૨:૧૩)

**શહાદત** (સુવાર્તા માટે મૃત્યુ સહેવાની કૃપા પ્રક્ટી ૨૦:૪)

અંતમાં આપણે દેવના દાનોને **ત્રણ વર્ગમાં મૂકી શકીએ.**

જે દાનો વિશ્વાસીઓને દેવનું વચન **બોલવામાં** સહાય કરે છે.

જે દાનો વિશ્વાસીઓને દેવના સામર્થ્યથી **સેવામાં** સહાય કરે છે.

અસાધારણ દાનો જે **ચિન્હો** દ્વારા ને દેવના ચમત્કારો દ્વારા લોકોમાં વિશ્વાસ ઉત્પન્ન કરે છે.

હવે નીચેના દાનો ઉપરના ક્યા વર્ગમાં આવશે તે કહો.

૧. શિક્ષણ

૨. દયા બતાવવી

૩. મદદ કરવી

૪. સુબોધ

૫. અન્યભાષા

૬. આગતાસ્વાગતા

(જવાબો ૧. બોલવું ;૨. સેવા ; ૩. સેવા ; ૪. બોલવું ;૫. ચિન્હો ; ૬. સેવા)

દેવના વચનમાં દર્શાવ્યા ઉપરાંત દેવ તે સિવાયના બીજા દાનો પણ આપી શકે છે. જ્યારે ખાસ સંજોગો ખાસ જરૂરિયાતો ઊભી કરે ત્યારે પ્રભુ તેમ થવા દે છે.

**૨. આત્મિક દાનો વિષે સામાન્ય પ્રશ્નોના ઉત્તરો આપવા તૈયાર થાઓ.**

આ પ્રશ્નોના ઉત્તરો જો તમે જાણતા ન હો તો તમારા બાઈબલ માંથી **શોધો.**

| **સામાન્ય પ્રશ્નો અને ગેરસમજણો** | **જવાબો માટે શાસ્ત્રભાગ** |
|---|---|
| ૧. શું દરેક વિશ્વાસી પાસે આત્મિક દાન દેવ તરફથી હોય છે ? | રૂમી ૧૨:૬ |
| ૨. એક વિશ્વાસી પાસે શું ક થી વધારે દાન હોઈ શકે ? | પ્રે.કૃ. ૬:૩,૮ અને ૧૦ |
| ૩. ક્યા વિશ્વાસીને ક્યું દાન આપવું તે પ્રભુ કઈ રીતે નક્કી કરે છે ? | ૧ કો. ૧૨:૧૧ |
| ૪. પાઉલ પ્રેરિતે કોરીંથીઓને પત્ર લખ્યો તે શું દરેક વિશ્વાસી અન્ય ભાષા બોલે તેવું શિક્ષમ આપે છે ? | ૧ કો. ૧૨:૩૦ |
| ૫. ઉપર દર્શાવેલ ક્યા દાનો કે ગુણો વડીલમાં હોવા જોઈએ ? | ૧ તિ ૩:૨ |
| ૬. જો સેવક પોતાની વચન પ્રમાણેની લાયકાત પૂરી કરે તો તેનામાં મોટો ભાગે ક્યું દાન જોવામાં આવે છે ? | પ્રે.કૃ. ૧-૬ |
| ૭. આપણે મોટા આત્મિક દાનની ઈચ્છા રાખવી જાઈએ ? | ૧ કો. ૧૨:૩૧ |
| ૮. કોરીંથના વિશ્વાસીઓને ક્યા મોટા દાનો વાપરવાની પાઉલ સલાહ આપે છે ? | ૧ કો. ૧૪:૧-૪ |
| ૯. નવા કરારમાં પ્રબોધ માટેનો ત્રિપાંખિયો હેતુ ક્યો છે ? | ૧ કો .૧૪:૩ |
| ૧૦. દરેક આત્મિક દાન કરતા ચઢિયાતી બાબત કઈ છે ? | ૧ કો. ૧૩ |

*(જવાબો :*

| | |
|---|---|
| *૧. હા* | *૬. સેવા કે મદદ* |
| *૨. હા.* | *૭. હા* |
| *૩. પવિત્ર આતમા દ્વારા* | *૮. પ્રબોધ, જો મંડળીની ઉન્નતિ માટે હોય તો જ, સુબોધ કે દિલાસો* |
| *૪. ના* | *૯. ઉન્નતિ, સુબોધ અને દિલાસો* |
| *૫. સરભરા અને શિક્ષણ* | *૧૦. પ્રેમ)* |

**૩. જુદા જુદા આત્મિક દાનો વડે ખાસ હેતુ પૂર્ણ કરવા પ્રયત્ન કરો.**

દેવ પ્રત્યેક વિશ્વાસીને આત્મિક દાનો આપે છે. દરેક વિશ્વાસી પાસે ક્યા આત્મિક દાનો છે તે મહત્વનું નથી પણ તે પ્રેમથી એકબીજાની સેવા કરે તે અગત્યનું છે .(રૂમી ૧૨) કેટલાંક વિશ્વાસીઓ મંડળીમાં તાલિમ આપનાર બને છે. કેટલાક દેવનું વચન અસરકારક રીતે બોલે છે જ્યારે બીજા કેટલાક વિશ્વાસીઓની વ્યવહારૂ જરૂરિયાતો પ્રમાણે સેવા કરે છે કેટલાંક ચમત્કારો કરે છે.

૧) દરેક પ્રકારના દાન પાછળ ખાસ હેતુ હોય છે.

***બોલવાને લગતા દાનો*** (પ્રબોધ) તે દેવનું સત્ય સમજીને માનવાને અને આધિન થવાને માટે વિશ્વાસીઓને મદદ કરે છે.

**શિક્ષણ** - શિક્ષકો લોકો ને દેવના વચનને આધિન થવાનું શિખવે છે.

**સુબોધ** - તેઓ વિશ્વાસીઓને ઉત્તેજન આપે, મજબુત કરે અને પ્રભુમાં બંધે છે.

**વિશ્વાસ** - આ દાનવાળા લોકો પ્રભુ પર વિશ્વાસ કરવા માટે લોકોને પ્રેરણા આપે છે, પ્રભુ ક્યા કાર્યો કરવા માટે મંડળીને મદદ કરવાનો છે તેનું દર્શન મેળવે છે. અને લોકોને આગળ વધારે છે.

***સેવાને લગતા દાનો*** (સેવાઓ) વિશ્વાસીઓ પ્રત્યે ભલમનસાઈ બતાવવી. આ પ્રભુના સામર્થ્યથી થઈ શકે છે. **આપવાનું દાન** ઉદારતાથી આપે છે. આપનારાઓને પ્રભુ આપે છે જે તેઓ બીજાની જરૂરિયાતો માટે ખર્ચે છે.

**આગેવાની અને વહિવટનું દાન** - લોકોને એકસંપથી કામ કરવા માટે દોરવણી આપે છે.

**દયાનું દાન** - આવા લોકો બીજા જરૂરિયાતો વ્યવહારૂ રીતે પૂરી પાડે છે.

***ચિન્હોને લગતા દાનો*** (ચમત્કારો) આ દ્વારા લોકોને દેવ પર વિશ્વાસ કરવામાં સહાય મળે છે.

**આત્માઓને પારખવાનું દાન**-તો સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ પારખ છે.

**સાજાપણાનું દાન** - તેઓ લોકોને શારીરિક અને માનસિક સાજાપણું આપે છે.

**ભાષાઓ અને ભાષાંતરનું દાન** - કેટલાક લોકો અજાણી ભાષાઓમાં પ્રાર્થના કરતા હોય છે. જો તે જૂથમાં અન્ય ભાષા બોલો તો તે લોકો સમજી શકે માટે ભાષાંતર થવું પણ જરૂરી છે.

**પ્રબોધ કે ભવિષ્યવાણી** - જો કે આ બોલવાનું દાન છે તો પણ તે વિશ્વાસીઓ માટે ચિન્હરૂપ છે. (૧ કોરીંથ ૧૨ :૨૨)

૨) દરેક આત્મિક દાન પામેલ વિશ્વાસીના કામ

**પ્રબોધકો**- તેઓ દેવનો સંદેશો જાહેર કરે છે જે લોકોને વિશઅવાસમાં દોરી જાય છે.

**સુવાર્તિક** - પ્રભુ ઈસુની સુવાર્તા તેઓ પ્રગટ કરે છે.

**શિક્ષક** - ઈસુની આજ્ઞાઓ પાળવા માટેનું શિક્ષણ તેઓ આપે છે.

સેવા કરનારા

**પ્રેરિતો** - પ્રેરિતોને નવા સ્થળોએ મંડળી શરૂ કરવા મોકલવામાં આવે છે તેઓ આગેવાનોને પણ તૈયાર કરે છે.

**પાળકો** - તે મંડળીને દોરે છે અને પોષે છે.

૩) આગેવાનો દરેક વિશ્વાસીઓને તેમના દાનોનો ઉપયોગ કરવા માટેની દોરવણી આપે છે.

જેમ જેમ વિશ્વાસીઓ નાના જૂથમાં એકબીજાની સેવા કરતા જાય તેમ તેમ તેમના આત્મિક દાનો પ્રદિપ્ત થતા જાય અને બીજાઓ પણ તે ધ્યાનમાં લેતા થાય. નવા વિશ્વાસીઓને પોતાના દાનોનો ઉપયોગ કરતા રોકશો નહિ.

મંડળીમાં દરેક વિશ્વાસીને પોતાના દાનનો ઉપયોગ કરવાની તક આપો. આ બાબત નાના જૂથમાં સૌથી વધારે શક્ય છે. કેવળ છટાદાર ભાષા આપનારાઓને સાંભળવાની પ્રથા પાડીને પવિત્ર આત્માના કામને રોકો નહિ.

લોકોને સતત એ સભાનતામાં રાખો કે તેઓ આત્મિક દાનોનો હેતુ એકબીજાની પ્રેમ સભર સેવા માટેનો છે. જો તેઓ ગુસ્સો કરે કે તોછડાઈથી વર્તે તો પ્રભુના કામને નુકશાન થઈ સકે છે.

પોતાના આત્મિક દાનો અનુસાર વિશ્વાસીઓને મંડળીમાં કે જૂથમાં જવાબદારીઓ, કામો કે સેવાઓ ઉઠાવવા દો. જે કામ કે હોદ્દા અંગેનું દાન ન હોય તેવું કામ વિશ્વાસીને સોંપવું નહિ.

વડીલો પાસે બોલવાનું દાન અને સેવક (ડીકન) પાસે સેવાનું દાન જરૂરી છે

નાના જૂથો કે સેવાકીય ટીમો પાસે દરેક દાન પામેલા લોકો હોવા જોઈ જેથી પવિત્ર આત્મા તેમને એકતામાં રાખીને હેતુ પાર પાડે. એકસરખા દાનવાળાઓને એક જ જૂથમાં ભેગા કરવા નહિ.

વિશ્વાસીઓને દેવે ક્યા દાન આપ્યા છે તે સમજવા માટે બાઈબલના પાત્રો અને તેમના નમૂનાદાયક દાનો સાથે તેઓ પોતાને સરખાવી જૂએ. જે બાઈબલના પાત્રોના ગુણલક્ષણો પ્રમાણે કોઈ વર્તવાનો પાકો નિર્ણય કે ઈચ્છા કરે છે તો તેમને તે શિક્ષણમાં સહાય કરો. આ પાત્રોની વાર્તાનું શિક્ષણ આપો અને વિશ્વાસીઓને પૂછો કે તેઓ કોના જેવા થઈ શકે છે અને કેમ. કેટલાક ઉદાહરણો જોઈએઃ

## બાઈબલના નમૂનાઓ

**સેવા** નહેમ્યા ૩ અને ૬:૧૫-૧૬માં યરૂશાલેમનો કોટ બાંધનારા ઈસ્ત્રાએલી લોકો (તમે તમારી જાતને ખાતરીથી તેમની સાથે સરખાવી શકો ?)

**આપવું** જેમ અબીગાઈલે દાઉદના જરૂરિયાતવાળા લોકોને ઉદારતાથી આવ્યું. ૧ શમૂએલ ૨૫ (આપવા વિશે ૧ કોરીંથ ૯ માંથી માર્ગદર્શન મેળવો)

**ઉત્તેજન** પ્રેકૃ. ૨૦ઃ૧૭-૩૮ માં પાઉલે એફેસસના વડીલોને ઉત્તેજન આપ્યું

**દયા** ભલા સમરૂનીએ લુક ૧૦ઃ૩૦-૩૫માં બતાવી. તેનું માર્ગદર્શન માત. ૨૫ઃ૩૧-૪૬ અને પ્રે.કૃ ૬ઃ૧-૭માંથી મેળવો.

**પ્રબોધ :** યિર્મેયાહે ભારે અસરકારક સંદેશાો આપ્યા અને દેવના લોકોને દેવ તરફ વળવા સંદેશા આપ્યા. યિમે ૧ આ દાનનો હેતુ સમજવા માટે ૧ કોરીં ૧૪ઃ૩-૪ વાંચો.

**શિક્ષણ** નહે ના ૮ માં અધ્યાયમાં એઝરામાં દેવના લોકોને નિયમની સમજણ આપી. શિક્ષણની સાચી સમજણ માટે એફે. ૪ઃ૧૧-૧૬ વાંચો.

**આગેવાની**- (દાસનું નેતૃત્વ) જેમ મુસાએ બીજાઓને સેવા કરવા માટે મદદ કરી અને યહોશુઆએ તેના સૈન્યને દોરવણી આપી તેમ. નિર્ગમન ૧૮ઃ૧૩-૨૬ અને યહો. ૪-૬ અધ્યાય.

જેમ સુલેમાન રાજાએ ૧ રાજા ૩માં કર્યું તેમ **સમજણ અને જ્ઞાન**થી બીજાને સમજાવવાની સેવા બજાવો.

**વિદ્યા**- જેમ નહેમ્યાહ શહેરના કોટનું બારીકાઈથી નિરીક્ષણ કર્યુ તે તથ્યોને ધ્યાનમાં રાખીને આ સેવા કરો. બેરિયાના લોકો શાસ્ત્રનો અભ્યાસ કરતા હતા તે દૃષ્ટાંત પણ ધ્યાનમાં રાખો. નહે. ૧ઃ૧૧-૨૦ તેમજ પ્રેરિ. ૧૭ઃ૧૦-૧૨.

**મદદ વિષે** - આકુલા અને પ્રિસ્કીલાએ પાઉલ અને તેના સાથીદારો પ્રેરિત તરીકે જાઓ (પ્રેકૃ. ૧૮ ઃ૧-૫, ૨૪-૨૮)

(મોકલાએલા અથવા મિશનેરી) જેમ યૂના માછલીને પેટમાંથી બહાર આવ્યા પછી મોકલવામાં આવ્યો. પાઉલ અને બાર્નાબાસ (પ્રે. ૧૩-૧૪ ) પાઉલના મિશનેરી માટેના સિધ્ધાંતોની માર્ગદર્શિકા રૂમી ૫ઃ૨૦-૨૧ માં છે.

Copyright © 2004 by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.